શુક્રવાર, ૧૩મી નવેમ્બર, ૨૦૨૬

૩૦૮. સત્ર દરમિયાન રજૂ કરવામાં આવતા અતારાંકિત પ્રશ્નોત્તરી અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ- ૮૭(ક) હેઠળના અતારાંકિત પ્રશ્નોત્તરી રજૂ કરવાની બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણય :–

સત્ર દરમિયાન રજૂ કરવામાં આવતા અતારાંકિત પ્રશ્નો–જવાબો અને નિયમ-૮૭(ક) હેઠળના અતારાંકિત પ્રશ્નો–જવાબો રજૂ કરવાની બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપેલ છે.

(૧) સત્ર દરમિયાન રજૂ કરવામાં આવતી અતારાંકિત પ્રશ્નોત્તરી :–

હાલની પ્રસ્થાપિત કાર્યપ્રણાલી મુજબ, સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નોત્તરીની નકલો હાર્ડ કોપી સ્વરૂપે વિધાનસભાના મેજ પર મુકવામાં આવે છે. પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રથી NeVA (નેવા) પ્રોજેક્ટ અંતર્ગત વિધાનસભાગૃહમાં રજૂ થતી તમામ બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો, માનનીય મંત્રીશ્રીનું નિવેદન, વિધેયકો, સંકલ્પો, સભાગૃહના મેજ પર મુકવાના કાગળો તેમજ અંદાજપત્ર વગેરે ડીજીટલ સ્વરૂપે દરેક સભ્યશ્રીઓના e-book માં આપવામાં આવે છે. આથી હવે પછી જે દિવસે અતારાંકિત પ્રશ્નોત્તરી સભાગૃહમાં રજૂ કરવાની હોય તે દિવસે અતારાંકિત પ્રશ્નો–જવાબોની PDF ફાઈલ ડીજીટલ સ્વરૂપે માનનીય સભ્યશ્રીઓને ગૃહમાં e-book માં આપવામાં આવશે અને ઉક્ત યાદી રજૂ થઈ ગયા બાદ ગુજરાત વિધાનસભાની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે.

(૨) નિયમ– ૮૭(ક) હેઠળ સત્રના છેલ્લા દિવસે રજૂ થયેલ અતારાંકિત પ્રશ્નોત્તરી :–

હાલની પ્રસ્થાપિત કાર્યપ્રણાલી મુજબ, નિયમ- ૮૭(ક) હેઠળ રજૂ થયેલ અતારાંકિત પ્રશ્નોના જવાબો યાદી સ્વરૂપે તૈયાર કરી તેની હાર્ડ કોપી માનનીય સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવે છે. પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રથી NeVA (નેવા) પ્રોજેક્ટ અંતર્ગત વિધાનસભાગૃહમાં રજૂ થતી તમામ બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો, માનનીય મંત્રીશ્રીનું નિવેદન, વિધેયકો, સંકલ્પો, સભાગૃહના મેજ પર મુકવાના કાગળો તેમજ અંદાજપત્ર વગેરે ડીજીટલ સ્વરૂપે દરેક સભ્યશ્રીઓના e–book માં આપવામાં આવે છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ– ૮૭(ક) હેઠળ રજૂ થયેલ અતારાંકિત પ્રશ્નો–જવાબોની PDF ફાઈલ ડીજીટલ સ્વરૂપે માનનીય સભ્યશ્રીઓના નેવા લોગ–ઈનમાં (CMS) મોકલી આપવામાં આવશે તથા ગુજરાત વિધાનસભાની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

(૩) ઉપરોક્ત નિર્ણયના કારણે પ્રેસમાં છપાતી અતારાંકિત પ્રશ્નોની યાદીમાં ઘટાડો કરી માત્ર ૫૦(પચાસ) નકલો છાપવાનો નિર્ણય કર્યો છે જે છપાયેલ નકલો વિધાનસભા દંડકશ્રી કાર્યાલય સહિત વિધાનસભા પક્ષોના કાર્યાલયમાં ઉપલબ્ધ કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર.

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.